# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫


હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, રૂરલ સ્ટડીઝ, મેનેજમેન્ટ અને હોમ સાયન્સ વિદ્યાશાખાના ડીનશ્રી, કો-ઓર્ડીનેટરશ્રી (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦), પરિક્ષા નિયામકશ્રી તથા યુનિવર્સિટી સ્તરની સમિતિની એક સંયુક્ત બેઠક રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણની સમીક્ષાના કામે તારીખઃ૦૬/૦૨/૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧-૩૦ કલાકે માન.કુલપતિશ્રી પ્રિ.ડૉ.આર.એન.દેસાઈના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી.

**:હાજરી:**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | સ્થળ | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | પ્રિ.ડૉ.આર.એન.દેસાઈ (માન.કુલપતિશ્રી) | પાટણ | **હાજર** |
| ૨ | ડૉ.એ.એલ.સુતરીયા | મહેસાણા | **ગેરહાજર** |
| ૩ | પ્રિ.ડૉ.જગદીશકુમાર હીરાલાલ પ્રજાપતિ | થરાદ | **ગેરહાજર** |
| ૪ | ગુપ્તા નમ્રતાબેન સંજયભાઈ | પાલનપુર | **હાજર** |
| ૫ | પ્રિ.ડૉ.મુકેશકુમાર પ્રભુદાસ પ્રજાપતિ | ઝીલીયા | **હાજર** |
| ૬ | ડાૅ.વી.સી.પટેલ | ચાણસ્મા | **હાજર** |
| ૭ | ડાૅ.કે.કે.પટેલ | પાટણ | **હાજર** |
| ૮ | ડાૅ.સંગીતા શર્મા (કોઓર્ડીનેટરશ્રી-,રા.શિ.નીતિ-૨૦૨૦) | પાટણ | **હાજર** |
| ૯ | ડાૅ.અશ્વિન મોદી | પાટણ | **હાજર** |
| ૧૦ | ડાૅ. હિમાંશુ બારિયા | પાટણ | **હાજર** |
| ૧૧ | શ્રી મિતુલ દેલીયા, પરીક્ષા નિયામક | પાટણ | **હાજર** |

## સભાનોંધ

૧. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ગ્રેસીંગ માર્કસની જોગવાઇ બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સરકારશ્રી દ્વારા પ્રકાશિત કરેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝરમાં જનરલ ગ્રેસીંગની જોગવાઇ ન હોઇ ગ્રેસીંગ માર્કસ આપવાના રહેતા નથી.

૨. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર ના ચેપ્ટર-૦૭ના સુધારા બાબત.

ઉપરોક્ત બાબતે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝરના ચેપ્ટર-૦૭ના સુધારાના અમલ કરવો.

| Maximum Marks | Minimum Passing Marks |
|---|---|
| 25 | 9 |
| 50 | 18 |
| 100 | 36 |

૩. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં રિ-એસેસમેન્ટની જોગવાઇ બાબત.

ઉપરોક્ત બાબતે સર્વાનુમતે આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) આ યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખામાં ઓર્ડી.-૧૬૧ પ્રમાણે રિ-એસેસમેન્ટની જયાં સુધી નવી જોગવાઇ ન આવે ત્યાં સુધી સદર જોગવાઇ ચાલુ રહેશે.

(૨) રિ-એસેસમેન્ટ સંદર્ભે તમામ અવલોકનો બંધ કરવામાં આવે છે.

(૩) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગતના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર ૦૧ થી સેમેસ્ટર ૦૬ દરમ્યાન વિદ્યાર્થી નપાસ થાય તો પણ આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો. (આગળનો નિર્ણય સક્ષમ સત્તામંડળ લેશે જે માન્ય રહેશે.)

૪. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગતના સેમેસ્ટર ૦૧માં મેજર વિષય હોય તોતે સેમેસ્ટર ૦૨ માં બદલી શકાય કે કેમ? તે બાબતે વિચારણા કરવા બાબત (Change of Major / Single Major / Double Major )

ઉપરોક્ત બાબતે આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગતના નીતિ નિયમો ઘડવા નીચે મુજબની વર્કીંગ ગ્રુપ કમિટીની રચના કરવી. (Change of Major / Single Major / Double Major)

(૧) ર્ડા.સંગીતા શર્મા (કો-ઓર્ડીનેટરશ્રી - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦)

(૨) પ્રિ.ડૉ.જગદીશકુમાર હીરાલાલ પ્રજાપતિ (ડીનશ્રી - વિજ્ઞાન વિદ્યાશાખા)

(૩) ડૉ.એ.એલ.સુતરીયા, (ડીનશ્રી - વિનયન વિદ્યાશાખા)

(૪) ર્ડા.હિતેશ વિરમગામી (ચેરમેનશ્રી - કોમર્સ વિદ્યાશાખા)

૫. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં મલ્ટીપલ એન્ટ્રી/મલ્ટીપલ એકઝીટ બાબતે નીતિ નિયમો ઘડવા વિચારણા કરવા બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં મલ્ટીપલ એન્ટ્રી/મલ્ટીપલ એકઝીટ બાબતે નીતિ નિયમો ઘડવા નીચે મુજબની વર્કીંગ ગ્રુપ કમિટીની રચના કરવામાં આવી.

૧. ર્ડા.નિશિથ ભટ્ટ, (H.O.D. , Commerce And Management Department, H.N.G.U. )

૨. ર્ડા.સંગીતા શર્મા, (H.O.D., Chemistry Department , H.N.G.U.)

૩. ડૉ.જે.કે.પટેલ, (Principal, V.R.Patel Commerce College ,Mehsana)

૪. પ્રિ.ડૉ.દિલખુશ પટેલ, (Principal, Arts and Commerce College, Vadnagar)

૬. **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O,P.) અંતર્ગત નીચે મુજબની ચર્ચા કરવામાં આવી.**

૬.૧ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત S.O.P. માં દર્શાવેલ અભ્યાસક્રમો સ્વીકારવા.
(દા.ત. Swayam portal, ODL Portal ,Moocs portal પર દર્શાવેલ ઓનલાઇન અભ્યાસક્રમ)

૬.૨ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત S.O.P. માં દર્શાવેલ નિયમો મુજબ ૪૦% ઓનલાઇન અભ્યાસ કરાવી શકાય છે.

૬.3 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત ઇન્ટર્નશીપ બાબતે S.O.P. ગાઇડલાઇનને અનુસરવાનું થાય.

૬.૪ સેમેસ્ટર ૦૨ પછી સર્ટીફિકેટ, ૦૪ પછી ડીપ્લોમા, ૦૬ પછી ડીગ્રી અને ૦૮ પછી ઓનર્સ ડીગ્રી S.O.P. ના ગાઇડલાઇન મુજબ આપવાનું થાય.

વધુમાં આગામી એપ્રિલ-૨૦૨૪ના પ્રથમ સપ્તાહમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવાનું નિયત કરવામાં આવ્યું અને નાયબ કુલસચિવશ્રીએ સભ્યશ્રીઓનો આભાર માન્યો તથા સભા બરખાસ્ત કરવામાં આવી.

કા. કુલસચિવ

નં.-એકે/અચસ/ ૭૨૫૭ /૨૦૨૪
તારીખ : ૧૬ /૦૨/૨૦૨૪

પ્રતિ,

- વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, રૂરલ સ્ટડીઝ, મેનેજમેન્ટ અને હોમ સાયન્સ વિદ્યાશાખાના વિદ્યાશાખાના ડીનશ્રીઓ તરફ
- કો-ઓર્ડીનેટરશ્રી, (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦) તરફ
- પરિક્ષા નિયામકશ્રી, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી તરફ
- યુનિવર્સિટી સ્તરની સમિતિ તરફ